# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




'તમાકુ ખેતપેદાશ છે, પાપનો સામાન નહીં' | તમાકુને 5 ટકા જીએસટી સ્લેબમાં લાવવા માંગ નાણામંત્રી કનુભાઈ દેસાઈને રજૂઆત

# ચરોતરના વેપારીઓ અને ખેડૂતોએ 40 ટકા GST સામે રણશિંગું ફૂંક્યું

**માગણી ન સંતોષાય** ત્યાં સુધી ખરીદ-વેચાણ અને કારખાના બંધ રાખવાનો નિર્ણય



(પ્રતિનિધિ) આણંદ તા.3

ચરોતર તમાકુ વહેપારી એસોસિયેશન દ્વારા કાચા તમાકુને 'સીન ગુડ્સ' (પાપનો સામાન) ગણી તેના પર 40 ટકા GST લાદવા સામે રાજ્ય સરકારમાં ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે. એસોસિએશનના પ્રતિનિધિ મંડળે રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ તેમજ રાજ્ય કક્ષાના મંત્રી કમલેશભાઈ પટેલને મળીને આ અન્યાયી ટેક્સ માળખામાં ફેરફાર કરવા આવેદનપત્ર પાઠવ્યું છે.

ચરોતર તમાકુ વહેપારી એસોસિયેશન દ્વારા ખેતપેદાશ અને અંતિમ ઉત્પાદન વચ્ચેનો તફાવત મંત્રીઓને સમજાવતા જણાવ્યું હતું કે, જેવી રીતે દ્રાક્ષ એ 'સીન ગુડ' નથી પરંતુ તેમાંથી બનતો દારૂ 'સીન ગુડ' છે, અને જેવી રીતે જુવાર 'સીન ગુડ' નથી પણ તેમાંથી બનતી બિયર 'સીન ગુડ' છે, તેવી જ રીતે તમાકુ એ મૂળભૂત રીતે ખેતપેદાશ છે. સિગારેટ કે ગુટકા જેવી ફાઈનલ પ્રોડક્ટ ભલે 'સીન ગુડ્સ' ગણાય, પરંતુ કાચા તમાકુને આ શ્રેણીમાં રાખવું તે ખેડૂતો અને વેપારીઓ માટે અન્યાયકર્તા છે.

આથી, ખેડૂતો અને નાના વેપારીના હિતમાં જીએસટી ઘટાડવાની માંગ કરવામાં આવી છે. આ રજૂઆતમાં જણાવ્યું હતું કે જો તમાકુને 'સીન ગુડ્સ'ની શ્રેણીમાંથી હટાવવામાં આવે, તો તેનો GST સ્લેબ આપોઆપ બદલાઈ જશે. જો તેને ખેતપેદાશ તરીકે લઘુત્તમ 5% ના સ્લેબમાં મૂકવામાં આવે, તો ટેક્સનો બોજો ખેડૂતો પર નહીં પડે અને બજારમાં વેગ આવશે. મંત્રીઓએ આ મામલે ખેડૂતોના હિતમાં કેન્દ્ર સરકાર સુધી રજૂઆત કરવાની ખાતરી આપી છે.

### રાજ્યના સંગઠનોનું સમર્થન અને આંદોલન

આ લડતમાં માત્ર ચરોતર જ નહીં, પરંતુ સાબરકાંઠા, બનાસકાંઠા, ઊંઝા, વિજાપુર, અને ઉનાવા સહિત સમગ્ર ઉત્તર ગુજરાતના વેપારીઓ (ઓલ ગુજરાત સંગઠન કમિટી) અને અગ્રણી ખેડૂતો જોડાયા છે. જ્યાં સુધી સંતોષકારક ઉકેલ ન આવે ત્યાં સુધી ખેડૂતો અને વેપારીઓએ એકજૂથ થઈને ખરીદ-વેચાણ, લોડિંગ અને કારખાનાઓ બંધ રાખી આંદોલન ચાલુ રાખવાનો મક્કમ નિર્ધાર કર્યો છે.

## વાસદ સ્વામિનારાયણ પરમધામ ખાતે 32મો પાટોત્સવ યોજાયો





આણંદના વાસદમાં આવેલ સ્વામિનારાયણ પરમધામ (વડતાલ ગાદી) ખાતે 32મા પાટોત્સવ નિમિત્તે ભગવાનનો પંચામૃત અભિષેક અને પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોજાયેલા 29માં સમૂહ લગ્ન મહોત્સવમાં 6 નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા, જેની સાથે અહીં કુલ કન્યાદાનનો આંકડો 952 પર પહોંચ્યો છે. જેમાં અધ્યક્ષ કે.કે. શાસ્ત્રીજી અને વડતાલ ગાદીના સંતોએ નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા તથા ભવ્ય અન્નકૂટ, શાકોત્સવ અને જલયાત્રાનું પણ આયોજન થયું હતું. કોઠારી રાધાકૃષ્ણ સ્વામી અને ઘનશ્યામસ્વરૂપદાસ સ્વામીજીના સફળ આયોજન હેઠળ મોટી સંખ્યામાં હરિભક્તો આ મહોત્સવમાં સહભાગી થયા હતા.

# રૂણજ ગામમાં વિધવા મહિલાની જમીન પચાવી

(પ્રતિનિધિ) આણંદ તા.3

સોજીત્રા તાલુકાના રૂણજ ગામમાં એક વિધવા મહિલાની માલિકીની જમીન પર ગેરકાયદેસર કબ્જો કરી તેનું ખેડાણ કરનાર શખ્સ વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ડિસ્ટ્રિક્ટ લેન્ડ ગ્રેબિંગ કમિટીના હુકમ બાદ સોજીત્રા પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

આણંદમાં રહેતા પૂર્વીકાબેન સંજયભાઈ પટેલના પતિનું વર્ષ 2019માં અવસાન થયું હતું. પતિના મરણ બાદ રૂણજ ગામની સીમમાં આવેલી સર્વે નંબર 363 અને સર્વે નંબર 364ની જમીન પૂર્વીકાબેનના ભાગે આવી હતી. જોકે, આ જમીન પર રૂણજ ગામના જ હિતેશભાઈ વાસુદેવભાઈ પટેલે અનધિકૃત રીતે કબ્જો જમાવી દીધો હતો અને કોઈપણ પરવાનગી વગર જમીનનું ખેડાણ કરવાનું શરૂ કર્યું હતું.

જોકે, પૂર્વીકાબેનના પરિવારજનોએ હિતેશ પટેલને અનેકવાર જમીનનો કબ્જો છોડવા માટે વિનંતી અને દબાણ કર્યું હતું, તેમ છતાં તેણે જમીન ખાલી કરી ન હતી. આ પરિસ્થિતિમાં ન્યાય મેળવવા માટે પૂર્વીકાબેને છઠ્ઠી સપ્ટેમ્બર, 2024ના રોજ ડિસ્ટ્રિક્ટ લેન્ડ ગ્રેબિંગ કમિટી, આણંદમાં અરજી કરી હતી. આ અરજીના અનુસંધાને લેન્ડ ગ્રેબિંગ કમિટીએ તપાસ કરી 7 જાન્યુઆરી, 2026ના રોજ આરોપી સામે ફરિયાદ નોંધવાનો હુકમ કર્યો હતો. આ હુકમ બાદ પૂર્વીકાબેને સોજીત્રા પોલીસ મથકમાં હિતેશભાઈ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

# આણંદ જિલ્લામાં ઈ-ગ્રામ કર્મીઓને હટાવવાના નિર્ણય સામે ઉગ્ર વિરોધ

**ઈ ગ્રામ યોજના** હેઠળ કાર્યરત કર્મીઓની સેવા ચાલુ રાખવા માંગ કરાઈ

(પ્રતિનિધિ) આણંદ તા 3

આણંદના આઠ તાલુકામાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના હેઠળ ફરજ બજાવતા DLE TLE, મેનપાવર (MIS) તરીકે 45 કર્મચારીઓની કરાર આધારિત સેવાઓ પૂર્ણ કરવા અંગે પરિપત્ર જાહેર કરાયો છે. આ નિર્ણયથી ગ્રામ્ય ડિજિટલ સેવાઓ પર પ્રતિકૂળ અસર થવાની ભીતિ સેવાઈ રહી છે.

આણંદ જીલ્લામાં ઈ ગ્રામ યોજના હેઠળ કાર્યરત કર્મચારીઓએ જીલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવીને છૂટા ન કરવા વિનંતી કરી છે. આ આવેદનપત્રમાં જણાવાયું છે કે, ગુજરાત સરકારે વર્ષ 2007માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની મહત્વાકાંક્ષી ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના શરૂ કરી હતી. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામ્ય વિસ્તારોમાં ડિજિટલ સેવાઓ પૂરી પાડવાનો હતો.

આ માટે PPP (પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ) મોડેલ હેઠળ ગામ કક્ષાએ VCE, તાલુકા કક્ષાએ TLE, જિલ્લા કક્ષાએ DLE અને તાલુકા સ્તરે MIS પોસ્ટ પર કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં સરકારની વિવિધ ડિજિટલ સેવાઓ ગ્રામજનો સુધી પહોંચાડવામાં તેઓનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ રહ્યું છે.

જેમાં TLE કર્મચારીઓ VCEઓને નવી સેવાઓ અંગે તાલીમ આપે છે, ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડે છે અને ઓનલાઈન કામગીરી દરમિયાન આવતી ખામીઓનું તાત્કાલિક નિવારણ કરે છે. તેઓ કોમ્પ્યુટર કે અન્ય ઉપકરણોમાં થતી ક્ષતિઓનું પણ નિરાકરણ લાવે છે. આવેદનપત્રમાં વધુમાં જણાવાયું છે કે જો તાલુકા કક્ષાએ ફરજ બજાવતા TLE, MIS અને 15 FC કર્મચારીઓને છૂટા કરવામાં આવશે. તો ગ્રામ્ય કક્ષાએ VCEઓ દ્વારા ગ્રામજનોને અપાતી ડિજિટલ સેવાઓમાં ગંભીર અડચણો ઊભી થશે.

જેના પરિણામે, સરકારની વિવિધ યોજનાઓના લાભ છેવાડાના ગ્રામજનો સુધી પહોંચવામાં વિલંબ અને અવરોધ સર્જાઈ શકે છે. છેલ્લા ઘણાં વર્ષોથી સતત સેવા આપી રહેલા કર્મચારીઓએ 'ડિજિટલ ગુજરાત'ના સ્વપ્નને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. હાલમાં પણ ગ્રામ્ય કક્ષાએ ટેકાના ભાવથી ખરીદી, કૃષિ વિભાગની સહાય યોજનાઓ, પંચાયત વિભાગના ઓનલાઈન દાખલાઓ અને વેરા વસૂલાત જેવી વિવિધ ટેકનિકલ અને ઓનલાઈન કામગીરીઓમાં VCEઓને આવતી મુશ્કેલીઓનું યોગ્ય અને સચોટ માર્ગદર્શન તાલુકા કક્ષાએથી TLE દ્વારા આપવામાં આવે છે.

# ખડાણામાં પિતરાઈ ભાઈ જ યુવકની હત્યા કરી હતી

**માતા સામે બિભત્સ** ચેનચાળા કરતાં પુત્રે માસીઆઈ ભાઈનું ઢીમ ઢાળી દીધું

(પ્રતિનિધિ) પેટલાદ તા.3

પેટલાદના ખડાણા ગામે થયેલી યુવાનની કરપીણ હત્યાના મામલામાં તેના માસીના ભાઈની જ ધરપકડ કરવામાં આવી છે. આ હત્યા પાછળ મર્યાદાના ભંગ અને બિભત્સ ચેનચાળા જવાબદાર હોવાનું ખુલ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર, મૃતક બાબુભાઈ આશાભાઈ પરમાર (ઉ.વ. 45) તેના માસીના દીકરા રામાભાઈ મહિજીભાઈ પરમારના ઘરે રહેતો હતો. રામાભાઈએ પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે બાબુભાઈ વ્યસને વળગ્યો હતો અને અવારનવાર તેની માતાના ખાટલા પાસે જઈને બિભત્સ ચેનચાળા કરતો હતો. આ બાબતે અગાઉ તેને ચેતવણી પણ આપવામાં આવી હતી, તેમ છતાં તેણે આ કૃત્ય ચાલુ રાખ્યું હતું. હત્યાની રાત્રે પણ બાબુભાઈને તેની માતા પાસે અયોગ્ય હરકતો કરતા જોઈને રામાભાઈ અતિશય ગુસ્સામાં આવી ગયો હતો. બાદમાં આવેશમાં આવીને તેણે ચપ્પા વડે બાબુભાઈનું ગળું રહેંસી નાખ્યું હતું અને તેનું ગુપ્તાંગ પણ કાપી નાખ્યું હતું. એલસીબીએ ટેકનિકલ સર્વેલન્સ અને પૂછપરછના આધારે શકમંદ રામાભાઈને રાઉન્ડ અપ કર્યો હતો, જ્યાં તેણે પોતાનો ગુનો કબૂલ્યો હતો. હાલમાં આરોપીની ધરપકડ કરી તેને વધુ કાયદેસરની કાર્યવાહી માટે પેટલાદ રૂરલ પોલીસને હવાલે કર્યો હતો.

# કપડવંજમાં પ્રતિબંધિતનો ભંગ કરતાં વાહનોને 3.85 લાખનો દંડ

**ભારે વાહનો** પર પ્રતિબંધ જાહેરનામાનો ભંગ કરનારા 77 વાહનચાલકો સામે કાર્યવાહી



(પ્રતિનિધિ) કપડવંજ તા.3

કપડવંજ શહેરમાંથી પસાર થતા ભારે વાહનો પર પ્રતિબંધ હોવા છતાં નિયમોનું ઉલ્લંઘન કરી રાત્રિના સમયે બેરોકટોક અવરજવર કરતા વાહનો સામે સ્થાનિક પોલીસે કડક ઝુંબેશ હાથ ધરી છે. સતત બીજી રાત્રે હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહીમાં પોલીસે 77 ભારે વાહનોને અટકાવી કુલ રૂ. 3.85 લાખનો દંડ વસૂલ્યો છે.

કપડવંજ શહેરમાં વધતી જતી ટ્રાફિક અને સુરક્ષાની સમસ્યાઓને ધ્યાને રાખી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા શહેરમાંથી ભારે વાહનોના પસાર થવા પર જાહેરનામું બહાર પાડી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આમ છતાં, રાત્રિના સમયે અનેક ભારે વાહનો આ પ્રતિબંધનો ભંગ કરતા હોવાની ફરિયાદો ઉઠતા કપડવંજ શહેર પોલીસ એક્શનમાં આવી હતી.

પોલીસે અગાઉની રાત્રે પણ ચેકિંગ હાથ ધરીને 70થી વધુ વાહનો સામે દંડાત્મક પગલાં લીધા હતા.

જ્યારે તેની બીજી જ રાત્રે ફરીથી સઘન ચેકિંગ હાથ ધરતા વધુ 77 વાહનચાલકો ઝપટે ચડ્યા હતા, જેમની પાસેથી કુલ 3.85 લાખનો દંડ વસૂલાયો છે. પોલીસની આ આક્રમક કામગીરીથી નિયમ ભંગ કરનારા વાહનચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# પેટલાદ નજીક વૃદ્ધ બાઈક ચાલકનું વાહન ટક્કરે મોત

**ધર્મજના 70 વર્ષીય** વૃદ્ધે તારાપુર હાઈવે પર અજાણ્યા વાહન સાથે બાઈક અથડાવી

(પ્રતિનિધિ) પેટલાદ તા.3

પેટલાદ પાસેથી પસાર થતાં વાસદ-તારાપુર હાઈવે પર ગિરનાર હોટલ સામે નશાની હાલતમાં મોટરસાયકલ હંકારતા એક વૃદ્ધનો જીવલેણ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ચાલકનું સારવાર દરમિયાન કરૂણ મોત નીપજ્યું હતું.

આ ઘટનાની વિગત મુજબ, ધર્મજ ખાતે રહેતા બિપીનકુમાર ઠાકોરભાઈ પટેલ (ઉં.વ.70) ગત પહેલી ફેબ્રુઆરીન રોજ રાત્રિના સમયે નશાની હાલતમાં પોતાની મોટરસાયકલ લઈને હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન ગિરનાર હોટલ પાસે તેમણે પોતાની બાઈક આગળ જતાં કોઈ અજાણ્યા વાહન સાથે અથડાવી હતી. આ કાળમુખા અકસ્માતમાં બિપીનકુમારને માથાના પાછળના ભાગે તથા હાથની આંગળીઓ પર ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ અકસ્માતમાં ઘવાયેલા વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે તારાપુર સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ પેટલાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. વધુ સારવાર માટે તેમને વડોદરાની ગોત્રી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ મામલે મૃતકના કૌટુંબિક ભાઈ ચેતનકુમાર દેસાઈએ અકસ્માત કરનાર બાઈક ચાલક બિપીનકુમાર સામે જ પેટલાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ગૌવંશના અવશેષો મળતા ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઇ

# નડિયાદમાં હિન્દુ સંગઠન અને પૂર્વ કાઉન્સિલર વચ્ચે ઉગ્ર બોલાચાલી

**શહેરમાં 9મી વખત** ગૌવંશની હત્યાની આશંકાથી રોષ



(પ્રતિનિધિ) નડિયાદ તા.3

નડિયાદ શહેરના છાંટીયાવાડ વિસ્તારમાં ગૌવંશના કપાયેલા અંગો મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાને પગલે હિન્દુ સંગઠનોના કાર્યકરો અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા, જેના કારણે વાતાવરણ તંગ બન્યું હતું. શહેરમાં છેલ્લા કેટલાક મહિનાઓમાં આ પ્રકારની 9મી ઘટના બનતા પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠ્યા છે.

આ ઘટનાસ્થળની તપાસ દરમિયાન સીસીટીવી ફૂટેજમાં એક કૂતરો આ અંગોને ખેંચીને લાવતો દેખાય છે. આ બાબતે સ્થાનિક વોર્ડના કાઉન્સિલર પરાગભાઈએ જણાવ્યું હતું કે, કૂતરો અંગ ખેંચીને લાવ્યો હોવાથી વાતને ખોટો વળાંક આપવાની જરૂર નથી. આ નિવેદનથી ઉશ્કેરાયેલા હિન્દુ ધર્મ સેનાના રાજનભાઈ ત્રિપાઠીએ વળતો પ્રહાર કરતા કહ્યું હતું કે, આ વિષય હિન્દુત્વનો છે અને પોલીસ તપાસનો છે, તમારે આમાં પડવાની જરૂર નથી. આ બોલાચાલીને કારણે ઘટનાસ્થળે ગરમાવો વધી ગયો હતો.

આ અંગે હિન્દુ સંગઠનોએ આશંકા વ્યક્ત કરી છે કે કોઈ અજાણ્યા તત્વોએ ગૌવંશની હત્યા કરી પુરાવાનો નાશ કરવા માટે અવશેષો ફેંકી દીધા છે.

# નડિયાદ સંતરામ મંદિરમાં સમાધિ મહોત્સવ નિમિત્તે ભજન સ્પર્ધા યોજાઇ

**ચરોતરની 193 ભજન** મંડળીઓના 2116 સ્પર્ધકોએ જમાવી સુરાવલીની રમઝટ બોલાવી

(પ્રતિનિધિ) નડિયાદ તા.3

નડિયાદ સ્થિત શ્રીસંતરામ મંદિર ખાતે પરમ પૂજ્ય બ્રહ્મલીન અવધૂત સંતરામ મહારાજના 195માં સમાધિ મહોત્સવના પાવન ઉપલક્ષમાં 37મી ભજન સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વર્તમાન ગાદીપતિ મહંત રામદાસજી મહારાજની પ્રત્યક્ષ નિશ્રામાં યોજાયેલી આ સ્પર્ધામાં કુલ 5 વિભાગોમાં 193 ભજન મંડળીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ભક્તિમય માહોલ સર્જ્યો હતો.

આ ભજન સ્પર્ધામાં વિવિધ જિલ્લાઓ અને ગ્રામ્ય વિસ્તારોમાંથી અંદાજે 2116 જેટલા સ્પર્ધકો જોડાયા હતા. આ સ્પર્ધાના પરિણામો મુજબ, નડિયાદ શહેર બહેનોના વિભાગમાં 'શ્રી સંતરામ કન્યા છાત્રાલય' પ્રથમ ક્રમે, જ્યારે જિલ્લા કક્ષાએ રામોલનું 'શ્રી કૃષ્ણ ભજન મંડળ' અને આણંદ જિલ્લામાં વિદ્યાનગરનું 'ગાયત્રી મંડળ' પ્રથમ સ્થાને વિજેતા બન્યા હતા. નડિયાદ શહેરના ભાઈઓના વિભાગમાં 'બ્રહ્મર્ષિ યુવા મંડળ' અને ગ્રામ્ય વિસ્તારમાં માસરાના 'રામદેવ ભજન મંડળ'એ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. તમામ વિજેતા મંડળીઓને પૂજ્ય મહંત શ્રી રામદાસજી મહારાજના વરદ હસ્તે શીલ્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સ્પર્ધા સવારે 9-00 વાગ્યાથી રાત્રિના 12-00 વાગ્યા સુધી ચાલી હતી. જેનું સંચાલન એન.આર. ડાભી અને ફાઈનલ રાઉન્ડનું સંચાલન કમલેશ સુતરીયાએ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા 40 નિર્ણાયકો અને ૫૦થી વધુ સ્વયંસેવકોએ સેવાઓ આપી હતી.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225